

## દહેજની યોકોહામા કંપનીના યુનિયન કામદારોને ધમકી

**બસ** રોકી કામદારોને મારવાની ધમકી આપ્યાના આક્ષેપ, કંપની ફરી વિવાદે

ભરૂચ: દહેજ સ્થિત યોકોહામા ATG લિમિટેડ કંપની ફરી એક વખત વિવાદોમાં સપડાઈ છે. કંપનીના કામદારોએ સંચાલન સામે ગંભીર આક્ષેપો કર્યા છે. ભારતીય મજદૂર સંઘ સંચાલિત ભારતીય કર્મચારી સંઘ સાથે જોડાયેલા કામદારોએ પોતાની રજૂઆત કરીને જણાવ્યું કે કંપનીમાં યુનિયન સાથે સંકળાયેલા કર્મચારીઓને નિશાન બનાવી માનસિક દબાણ કરવામાં આવી રહ્યું છે.કામદાર જયેશ સોપાનદેવ પાટીલે જણાવ્યું કે, ગત 23 મેના રોજ શિફ્ટ પૂરી થયા બાદ માંડવા જઈ રહેલી કામદારોની બસને રસ્તામાં રોકી દેવામાં આવી હતી. કંપનીના કર્મચારી પ્રિન્સ સંજય બિરેન્દ્ર રાય અને તેના સાગરીતોએ બસમાં હોબાળો મચાવ્યો હતો. તેમણે બસમાં બેઠેલા કામદારોને અપશબ્દો બોલતાં જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બાબતે પોલીસ ફરિયાદ નોંધાઈ હોવાનું પણ જાણવા મળ્યું છે.કામદારોના આક્ષેપ મુજબ પ્રિન્સ રાય સામે અગાઉ આર્મ્સ એક્ટ સહિતના ગુના નોંધાયેલા છે, છતાં કંપની સંચાલકોએ તેને નોકરીમાં યથાવત રાખ્યો છે. આના કારણે અન્ય કર્મચારીઓમાં ભયનો માહોલ સર્જાયો છે.

### તાત્કાલિક કડક કાર્યવાહી કરવી જોઈએ: સુરેન્દ્રસિંહ રાજ

મજદૂર સંઘના આગેવાન સુરેન્દ્રસિંહ રાજે જણાવ્યું કે, કામદારોની સુરક્ષા માટે કંપની અને પોલીસ તંત્રએ તાત્કાલિક કડક કાર્યવાહી કરવી જોઈએ. તેમણે ઉમેર્યું કે આ મુદ્દે જિલ્લા પોલીસ વડા અને કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. જો યોગ્ય કાર્યવાહી ન થશે તો આંદોલનની ચીમકી આપી છે.

## સોલાર પેનલના ભાવમાં 25થી 30 ટકા વધારાની શક્યતા: ગ્રાહકોને બોજ પડશે

**ડીસીઆર** સેલ ફરજિયાત બનતાં અને સપ્લાય ચેઇનમાં અવરોધને કારણે બજારમાં ચિંતા



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: દેશમાં ઊર્જા બચત અને હરિત ઊર્જાના પ્રોત્સાહન માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા સોલાર એનર્જીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યુ છે. જો કે, વર્તમાન સમયમાં સોલાર ઉદ્યોગમાં ઊભી થયેલી પરિસ્થિતિને કારણે સોલાર સિસ્ટમના ભાવમાં આગામી દિવસોમાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સોલાર ક્ષેત્ર સાથે સંકળાયેલા વેપારીઓ અને નિષ્ણાતોના જણાવ્યા અનુસાર એક કિલોવોટ સોલાર ઊર્જા સ્થાપન પાછળના ખર્ચમાં અંદાજે 25 ટકા જેટલો વધારો થવાની સંભાવના છે. સોલાર પેનલ ઉત્પાદકો તરફથી પૂરતા પ્રમાણમાં સપ્લાય ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો નથી, જેના કારણે બજારમાં માંગ સામે પુરવઠો ઘટી રહ્યો છે. બીજી તરફ સરકાર દ્વારા નોન-ડીસીઆર સેલના ઉપયોગ પર નિયંત્રણ મુકાતા હવે ડીસીઆર (ડોમેસ્ટિક કન્ટેન્ટ રિક્વાયરમેન્ટ) સેલનો ઉપયોગ ફરજિયાત બન્યો છે. ડીસીઆર અને નોન-ડીસીઆર સેલના ભાવ વચ્ચે આશરે 30 ટકા જેટલો તફાવત હોવાનું જણાવવામાં આવે છે, જેના સીધા પરિણામે સમગ્ર સોલાર સિસ્ટમનો ખર્ચ વધવાનો છે.

સરકાર દ્વારા ડોમેસ્ટિક કન્ટેન્ટ રિક્વાયરમેન્ટ (DCR) હેઠળ સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે લેવામાં આવેલા નિર્ણયોનો હેતુ નિઃસંદેહ સારો છે. સ્થાનિક ઉદ્યોગને મજબૂત બનાવવો અને આયાત પર નિર્ભરતા ઘટાડવી એ દેશના લાંબા ગાળાના હિતમાં છે. પરંતુ કોઈપણ નીતિનો સફળ અમલ ત્યારે જ શક્ય બને જ્યારે તેની સાથે પૂરતી ઉત્પાદન ક્ષમતા અને સરળ સપ્લાય વ્યવસ્થા પણ ઉપલબ્ધ હોય.

માત્ર સોલાર પેનલ જ નહીં પરંતુ સોલાર પ્લાન્ટ સ્થાપન માટે જરૂરી જી.આઈ. પાઈપ, ઈન્વર્ટર, સ્ટ્રક્ચરલ મટિરિયલ તેમજ અન્ય સહાયક સાધનોના ભાવમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. કાચા માલના વધતા ખર્ચ અને સપ્લાય ચેઈનની મુશ્કેલીઓના કારણે વેપારીઓ માટે પણ જૂના દરે માલ ઉપલબ્ધ કરાવવો મુશ્કેલ બન્યો છે.

સોલાર સિસ્ટમ સ્થાપન માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ સબસીડી આપવામાં આવે છે. તેમ છતાં જો બજારમાં ભાવ વધારો અમલી બનશે તો ગ્રાહકોને સબસીડી મળ્યા બાદ પણ અગાઉ કરતાં વધુ નાણાં ચૂકવવા પડશે. પરિણામે સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો માટે સોલાર સિસ્ટમ સ્થાપિત કરવાનું આર્થિક રીતે વધુ ભારરૂપ બની શકે છે.

આ સંદર્ભે સરકાર સમક્ષ માંગ ઊઠી રહી છે કે સોલાર પેનલ ઉત્પાદકો, સપ્લાયરો અને સંબંધિત વિભાગોના અધિકારીઓ વચ્ચે તાત્કાલિક બેઠક બોલાવી પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવે. ભારત માટે સોલાર ઊર્જા માત્ર એક વિકલ્પ નથી, પરંતુ ભવિષ્યની ઊર્જા વ્યવસ્થાનો આધારસ્તંભ છે. તેથી નીતિગત નિર્ણયો એવા હોવા જોઈએ કે જે સ્થાનિક ઉદ્યોગને મજબૂત બનાવે, પરંતુ સાથે સાથે સામાન્ય નાગરિક માટે સોલાર ઊર્જાને સુલભ અને પરવડે તેવી પણ રાખે. અન્યથા હરિત ઊર્જાનું સ્વપ્ન કાગળ પર તો સુંદર લાગશે, પરંતુ જમીન પર તેની ગતિ ધીમી પડી શકે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કોસંબા નજીકના નંદાવમાં બે પક્ષ બાખડ્યા

હથોડા: કોસંબા નજીકના નંદાવ ગામે માલિકીની જમીનમાં બાંધેલો તબેલો તોડવા બાબતે રોકવા જતાં મારામારી કરનાર છ સામે કોસંબા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. તો સામા પક્ષે માતાની જમીનમાં સાફસફાઈ કરવા જતા અટકાવીને ગાળગલોચ કરનાર ચાર જણા સામે ફરિયાદ નોંધાવી છે. નંદાવમાં રહેતા હેમંતભાઈ આહીરે એ જ ગામે રહેતા મયૂરભાઈ આહિર, દક્ષાબેન આહિર, ગીતાબેન આહિર, મહેશભાઈ આહીર અને હાર્દિકભાઈની સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, આ ઈસમો જેસીબી લઈને હેમંતભાઈ આહીરનો તબેલો નહીં તોડવા સમજાવતાં ગાળગલોચ કરી લાકડાથી મોઢા ઉપર માર માર્યો હતો. તેમને બચાવવા આવતાં તેમના ભત્રીજા મયૂરભાઈને લાકડીથી ફટકારતાં આંગળી ફ્રેક્ચર કરી નાંખી હતી. જ્યારે સામા પક્ષે નંદાવ ગામે રહેતા મેહુલભાઈ આહિરે કોસંબા પોલીસમાં એ જ ગામે રહેતા કમલેશભાઈ આહીર, હેમંતભાઈ આહિર, યસ આહીર અને કાવ્યા આહીર સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે મેહુલભાઈની માતાની માલિકીની જમીનમાં સાફસફાઈ કરવા જતાં આ ઈસમોએ ઝઘડો કર્યો હતો. અને યશભાઈ તેમજ કાવ્યાભાઈએ ઢીકામુક્કીનો માર માર્યો હતો. હેમંતભાઈ, કમલેશભાઈ હત્યાની ધમકી આપી હતી. પોલીસે બંને પક્ષ વિરુદ્ધ સામસામે ફરિયાદ દાખલ કરી હતી.

### નેત્રંગમાં કાર અડફેટે બાઇક સવાર બે ઘાયલ

નેત્રંગ: ભેંસખેતર ગામના વસંત વસાવા (ઉ.વ.૨૦) અને તેનો પિતરાઈ ભાઈ અવિનાશ વસાવા બપોરે મોટરસાઇકલ પર પેટ્રોલ ભરાવવા નેત્રંગ જઈ રહ્યા હતા. નેત્રંગ ચાર રસ્તા પસાર કરી પેટ્રોલ પંપ તરફ જતી વખતે, આગળ ચાલતી એક ફોર વ્હીલના ચાલકે સિગ્નલ આપ્યા વિના અચાનક ગાડી વાળી દીધી હતી. આથી ગાડી મોટરસાઇકલ સાથે અથડાતાં બંને યુવક ઘાયલ થયા હતા. લોકોએ ઈજાગ્રસ્તોને નેત્રંગ સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાંથી અવિનાશને વધુ સારવાર માટે અંકલેશ્વર લઈ જવાયો હતો.

### ઉચ્છલ અને નિઝર મામલતદારની બદલી

વ્યારા: રાજ્યમાં વહીવટી સેવા વર્ગ-૩ના અધિકારીઓની જાહેર હિતમાં બદલી કરવામાં આવી છે. જેને લઇ તાપી જિલ્લામાં પણ ઉચ્છલ અને નિઝર મામલતદારની બઢતી સાથે બદલીનો હુકમ કરવામાં આવ્યો છે. જેમાં ઉચ્છલ ખાતે મામલતદાર તરીકે ફરજ બજાવતા જીગ્નેશ એ.જીવાણીની નર્મદામાં સ્ટેમ્પ ડ્યૂટીમાં ડેપ્યુટી કલેક્ટરની બઢતી સાથે બદલી, જ્યારે નિઝર મામલતદાર ટી.સી.પટેલની વ્યારામાં ડેપ્યુટી કલેક્ટરની નિમણૂક કરવામાં આવી છે.

### નિધિ મોદી પીએચ.ડી. થયા



બારડોલી: GSECL કોલોની, ઉકાઈ નિવાસી રાજેન્દ્રપ્રસાદ મોદીની પુત્રી નિધિ રાજેન્દ્રપ્રસાદ મોદીએ ભૌતિકશાસ્ત્રમાં રજૂ કરેલા મહાશોધ નિબંધ 'A STUDY OF MXENE MONOLAYERS FOR MULTIFUNCTIONAL APPLICATIONS USING THE DENSITY FUNCTIONAL THEORY'ને VNSGU, સુરતે માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ સંશોધન Sir P.T.Sarvajanik College of Science, સુરતના આસિ. પ્રો. ડો.ધીરજ બી.શાહના માર્ગદર્શન હેઠળ પૂરું કર્યું હતું.

### ભરૂચમાં વેદમૂર્તિ સન્માન સમારોહ યોજાયો



ભરૂચ: ભરૂચના આત્મીય હોલ ખાતે શુક્લ યજુર્વેદ માધ્યંદિન શાખાના ઘન પારાયણ નિમિત્તે 'વેદમૂર્તિ સન્માન સમારોહ'નું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં 19 વર્ષની નાની વયે 'દંડકમ' પારાયણ કરનાર વેદમૂર્તિ દેવવ્રત રેખે સહિત 8 વેદપાઠીનું પ્રશસ્તિપત્ર આપી વિશેષ બહુમાન કરાયું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, ભારત અને અહીંની પરંપરાનું નામ જ 'વૈદિક સંસ્કૃતિ' છે, જેનો ઉદય વેદોમાંથી થયો છે. પૂર્વમંત્રી ખુમાનસિંહ વાંસિયાએ શાબ્દિક સ્વાગત વક્તવ્ય આપીને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ભરૂચના આંગણે આવતા તેમના માટે ભાવ વ્યક્ત કર્યો હતો. તેમજ પુષ્પગુચ્છથી મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ સમારોહમાં ભરૂચ ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી, વાગરા ધારાસભ્ય અરુણસિંહ રાણા, DDO અને કલેક્ટર યોગેશ કાપસે, સિદ્ધિવિનાયક મંદિરના ટ્રસ્ટી જયપાલસિંહ માંગરોલા, વેદમૂર્તિ કરણભાઈ રાવલ, નીરજભાઈ ખાડી સહિત મંદિર પરિવારના સભ્યો, અગ્રણીઓ તેમજ ભરૂચના મોટી સંખ્યામાં ધર્મપ્રેમી અને પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### ઓલપાડમાં 'જનગણના-૨૦૨૭'માં સહકાર આપવા ધારાસભ્યની અપીલ



સાયણ: ઓલપાડના ધારાસભ્ય અને પૂર્વ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે 'જનગણના-૨૦૨૭' અંતર્ગત ઓનલાઈન ડિજિટલ ફોર્મ ભરી નાગરિકોને વસતી ગણતરી કરતાં કર્મચારીઓને સહકાર આપવા અપીલ કરી છે. ધારાસભ્યએ પોતાના ઓલપાડ સ્થિત જનસંપર્ક કાર્યાલય ખાતે 'જનગણના -૨૦૨૭' અભિયાન હેઠળ પોતાનું ડિજિટલ સ્વગણતરી પત્રક ભર્યું હતું.

### ભરૂચમાં કરંટ લાગતાં યુવકનું મોત

ભરૂચ: ભરૂચના ભોલાવમાં ઝાડ પર ચઢી રહેલો એક યુવક નજીકથી પસાર થતી હાઈવોલ્ટેજ વીજ લાઈનના તારને અડકી જતાં કરંટ લાગ્યો હતો. આથી નીચે પટકાતાં ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

## ભરૂચમાં ભાજપનાં સસ્પેન્ડેડ નયનાબેનની પ્રમુખને નોટિસ

**'એક** પરિવાર, એક ટિકિટ'નો નિયમ માત્ર ભરૂચના વકીલ પરિવાર માટે જ? ભાજપમાં શિસ્તના નામે કિન્નાખોરીનો આક્ષેપ





ભરૂચ: ભરૂચ જિલ્લા ભાજપનો આંતરિક વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. પક્ષમાંથી સસ્પેન્ડ કરાયેલા જિલ્લા સહમંત્રી અને મહિલા એડ્વોકેટ નયનાબેન વકીલે જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી સામે મોરચો માંડીને કાનૂની નોટિસ ફટકારી છે. નયનાબેને આક્ષેપ કર્યો છે કે, પક્ષીય નીતિ-નિયમોનું પાલન કર્યા વિના તેમનો સસ્પેન્શન લેટર સીધો સોશિયલ મીડિયા પર વાયરલ કરી તેમના સ્વાભિમાન અને માનસન્માનને ઠેસ પહોંચાડવામાં આવી છે. તેમણે પ્રકાશ મોદી પાસે માફીની માંગ કરી છે, અન્યથા પ્રદેશ કક્ષાએ અને કાયદાકીય લડત લડવાની સીધી ચેતવણી આપી છે.

આ વિવાદની શરૂઆત અંકલેશ્વર નગરપાલિકાની ચૂંટણીથી થઈ હતી, જેમાં નયનાબેનના પતિએ ભાજપના સત્તાવાર ઉમેદવાર સામે અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. પક્ષે તેને શિસ્તભંગ ગણી નયનાબેનને સસ્પેન્ડ કર્યા હતા. નયનાબેનનો તર્ક છે કે ચૂંટણી લડવી એ તેમના પતિનો બંધારણીય અધિકાર હતો. તેમણે પક્ષની 'એક પરિવાર, એક ટિકિટ'ની નીતિ સામે પણ વેધક સવાલો ઉઠાવતા આક્ષેપ કર્યો કે, ભરૂચ જિલ્લામાં ધર્મેશ ચાવડા અને નિતેન્દ્રસિંહ દેવધરા જેવા નેતાઓના પરિવારોને નિયમોમાં છૂટછાટ આપી ટિકિટો ફાળવવામાં આવી, તો માત્ર તેમના જ પરિવારને ટાર્ગેટ કરીને આવી પસંદગીપૂર્વકની કિન્નાખોરી કેમ રાખવામાં આવી?

બીજી તરફ જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદીએ આ તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે. તેમણે સ્પષ્ટતા કરી છે કે આ કાર્યવાહી વ્યક્તિગત નથી પરંતુ પક્ષની શિસ્ત સમિતિના સામૂહિક નિર્ણયના ભાગરૂપે કરાઈ છે અને ટિકિટ ફાળવણી હાઈકમાન્ડ નક્કી કરે છે. વધુમાં, નયનાબેનના પતિએ પક્ષ સામે બગાવત કરીને ભાજપની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. નયનાબેન વકીલે પ્રકાશ મોદીના ખુલાસાને 'ઉડાઉ' ગણાવીને આગામી સમયમાં કોર્ટ અને પ્રદેશ સંગઠન સુધી કાનૂની લડત લડવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે, જેના કારણે ભરૂચનું રાજકારણ ગરમાયું છે.

### અંકલેશ્વરમાં કારની છત પર બાઈક બાંધી મુસાફરી!



સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે પર એક કારની છત પર મોટરસાઈકલ બાંધી તેના પર બે લોકો જોખમી મુસાફરી કરતા હોવાનો વિડીયો વાયરલ થયો હતો. આ ઘટના ખરોડ ચોકડી પાસે બની હતી. રસ્તા પરથી પસાર થતા અન્ય વાહનચાલકો દ્વારા આ દશ્ય કેમેરામાં કેદ કરવામાં આવ્યું હતું. જેથી લોકો પોલીસ અને RTO વિભાગની કામગીરી સામે સવાલો ઉઠાવી રહ્યા છે. જાહેર માર્ગ પર આ પ્રકારની જોખમી મુસાફરી ટ્રાફિક નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. જો કે, આ ઘટનામાં કોઈ દુર્ઘટના સર્જાઈ નથી, પરંતુ આવી બેદરકારી ગંભીર અકસ્માત નોતરી શકે છે.

### ખાત્રાદેવીમાં સાગી લાકડાં ઝડપાયાં



હિતેશ પટેલ

માંડવી: માંડવી ઉત્તર રેંજના ખાત્રાદેવી ગામે વન સંરક્ષક પુનિત નૈયર તથા નાયબ વન સંરક્ષક ધીરજ કુમારના માર્ગદર્શન હેઠળ ગૌરવ લોઢા અને હિતેશ આર. જાદવની સૂચનાથી વન વિભાગે દરોડો પાડી પુનજી વસાવાના મકાન પાછળ છુપાવેલો ગેરકાયદે સાગી લાકડાંનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. વન વિભાગે ૩૦ હજારની કિંમતના ૧૦ નંગ (૦.૪૩૯ ઘનમીટર) સાગી લાકડાં જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં 4 જુગારી ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર બી-ડિવિઝન પોલીસે વિશાલ કંપની સામે આવેલી ઝૂંપડપટ્ટી નજીક દરોડો પાડી જુગાર રમતા મનોજ લોખંડે (રહે.,ભડકોદરા), સંજય દાસ વસાવા (રહે.,ભડકોદરા), મોહમદ યુસુફ નવાબ (રહે.,બાપુનગર ઓવરબ્રિજ ઝૂંપડપટ્ટી, અંકલેશ્વર) અને ગુલામ મુસ્તફા પીરુ મલિક (રહે.,હાંસોટ)ને ઝડપી રૂ.5540 રો કડા કબજે કર્યા હતા.


Milano MULTIPLEX
બારડોલી
Chand Mera Dill
10:00am, 04:00pm
Shubh Mangal Dhamal
Gujarati - 03:00pm
Kabanda-Gujarati
12:00pm, 09:00pm
Dhabkaaro-Gujarati - 07:00pm
Krishnavataram Part 1 - The Heart
01:00pm, 06:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333







## ગંધારના મીઠાના અગરમાંથી 85 લાખની ઠગાઈનાં 4 વાહન જપ્ત

**રાજુલાના** અરજદારની સજાગતા અને પોલીસની કાર્યવાહીથી કાયદાનો સકંજો કસાયો

**વારસદારે** ભાડું ન આપ્યું તો વાહનો જપ્ત કરાયાં



ભરૂચ: રાજુલા પોલીસે ભાગીદારના મૃત્યુ બાદ વાહનોની ગંભીર છેતરપિંડીનો પર્દાફાશ કર્યો છે. વાગરા તાલુકાના ગંધાર ગામના મીઠાના અગરમાંથી પોલીસે બે ટ્રેક્ટર, એક હિટાચી મશીન અને એક હાઈવા ડમ્પર સહિત કુલ ચાર વાહનો જપ્ત કર્યાં છે.

રાજુલા પોલીસ સબ-ઈન્સ્પેક્ટર આર.એલ.રાઠોડે વાગરા પોલીસ સ્ટેશનને આ અંગેનો વિનંતી રિપોર્ટ રજૂ કર્યો છે. આ કાર્યવાહી રાજુલાના અરજદાર બીપીનભાઈ મુળશંકરભાઈ ઓઝાની અરજીના આધારે કરવામાં આવી હતી. બીપીનભાઈએ રાજુલાના પ્રતાપભાઈ ભોળાભાઈ બાંભણિયા સાથે ભાગીદારીમાં ધંધો શરૂ કર્યો હતો. પોતાની સિબિલના આધારે ડાઉન પેમેન્ટ ભરીને તેમણે આ વાહનો ખરીદ્યાં હતાં, જે પ્રતાપભાઈના ગંધાર સ્થિત મીઠાના અગરમાં રાખવામાં આવ્યાં હતાં. વર્ષ-2024માં પ્રતાપભાઈનું અવસાન થતાં તેમના કૌટુંબિક ભાઈ અશોકભાઈ મનસુખભાઈ બાંભણિયાએ ધંધો સંભાળ્યો હતો. અરજદાર બીપીનભાઈનો આક્ષેપ છે કે અશોકભાઈએ વાહનોનું આશરે 85 લાખ રૂપિયાનું ભાડું ચૂકવ્યું નથી અને વાહનોનો કબજો ગેરકાયદે રીતે રાખી છેતરપિંડી આચરી છે. રાજુલા પોલીસે ગંધાર ગામના મીઠાના અગર પર દરોડો પાડી વિનુભાઈ ભૂપતભાઈ બાંભણિયાના કબજામાંથી ચાર વાહનો કબજે કર્યાં છે, જેમાં મહિન્દ્રા કંપનીના બે યુવો 415 મોડલના ટ્રેક્ટર, ટાટા કંપનીનું હિટાચી મશીન (EX-130 મોડલ) અને એક ટાટા કંપનીનું હાઈવા ડમ્પરનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે, જપ્ત કરાયેલાં તમામ વાહનો પર નંબર પ્લેટ નહોતી. સ્થળ પર હાજર વિનુભાઈ પાસે વાહનોની ખરીદી, ભાડા કે ભાગીદારી અંગેના કોઈ કાયદેસર દસ્તાવેજો કે પુરાવા મળ્યા નથી. વાહનો સગેવગે થઈ જવાની શક્યતાને ધ્યાનમાં રાખી રાજુલા પોલીસે તમામ વાહનો વાગરા પોલીસ સ્ટેશનના હસ્તગત રાખી કાયદેસરની સ્ટેશન ડાયરીમાં નોંધ કરી વધુ કાર્યવાહી કરવા માટે રજૂઆત કરી છે. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી દીધી છે.

## ભરૂચના નિવૃત્ત અધિકારી સાથે શેરબજારમાં નફાની લાલચે રૂ.1.91 કરોડની ઠગાઈ

ભરૂચ: ભરૂચ શહેરના સિદ્ધનાથ નગર વિસ્તારમાં રહેતા નિવૃત્ત ONGC અધિકારી સુનિલ વર્મા સાથે રૂ.1.91 કરોડની મોટી આર્થિક છેતરપિંડી થઈ છે. આ કેસમાં રતન તળાવ વિસ્તારના મહેન્દ્રકુમાર તિવારીએ તેમને શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપી આ રકમ પડાવી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

પોલીસમાં આપેલી ફરિયાદ મુજબ તિવારીએ વર્માને શેર માર્કેટ અને બ્રોકિંગ દ્વારા આકર્ષક વળતર અપાવવાનું વચન આપ્યું હતું. શરૂઆતમાં વિશ્વાસ મેળવવા માટે તિવારીએ સમયાંતરે લાખો રૂપિયાનું વળતર ચૂકવી બતાવ્યું હતું. જો કે, છેલ્લા કેટલાક સમયથી નફો મળવાનું બંધ થતાં અને મૂળ રકમ પરત ન મળતાં વિવાદ શરૂ થયો હતો. સુનીલ વર્માએ રોકાણ અને નાણાં અંગે સ્પષ્ટતા માંગતાં આરોપી તિવારીએ જણાવ્યું કે પૈસા ખર્ચાઈ ગયા છે અને હાલ તે ઉપલબ્ધ નથી. આ જવાબ બાદ પોતાની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાનું લાગતાં વર્માએ ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી નાણાકીય વ્યવહારો, રોકાણના દસ્તાવેજો અને અન્ય પાસાંની તપાસ શરૂ કરી છે.


**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૭૯/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- મહેશભાઇ ઝવેરભાઇ કોટવાળીયા, રહે.મોટીચેર, ગોંડલસા ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૬૫૧.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી મોટીચેર ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત-૩૯૪૬૫૧

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મહેશભાઇ ઝવેરભાઇ કોટવાળીયા, રહે. મોટીચેર, ગોંડલસા ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૬૫૧એ તેઓના પુત્ર અંકિતકુમાર મહેશભાઇ કોટવાળીયાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: અંકિતકુમાર મહેશભાઇ કોટવાળીયા ૨. જન્મ તારીખ: ૦૫/૧૧/૨૦૧૯ ૩. જન્મનું સ્થળ: મોજે.મોટીચેર, તા.માંડવી, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે અંકિતકુમાર મહેશભાઇ કોટવાળીયાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૯/૦૬/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**Shree Narmada Aluminium Industries Limited**

Registered Office: 95/1, Bharuch Palej Road, Bholav, Dist. Bharuch.Gujarat-392 001

Email : nalexbh@@yahoo.co.in CIN :L91110GJ1981PLC004269

AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH 2026

(Rs. In Lacs)

| Particulars | Quarter ended | | | Year ended | |
|---|---|---|---|---|---|
| | 31.03.26 | 31.12.25 | 31.03.25 | 31.03.26 | 31.03.25 |
| | Audited | Audited | Audited | Audited | Audited |
| Other Income | - | - | - | - | 61.84 |
| Profit for the period | (45.59) | (6.05) | (20.10) | 68.39 | 27.82 |
| Total Comprehensive Income | (45.59) | (6.05) | (20.10) | 68.39 | 27.82 |
| Paid-up equity share capital | 52.96 | 52.96 | 52.96 | 52.96 | 52.96 |
| Earnings Per Share (Basic+Diluted) | (8.75) | (1.16) | (3.86) | (13.13) | 5.34 |

Note :- The above extract Financial Results for the Quarter and Year ended 31.03.2026 filed with the stock exchange under Regulation 33 of the Sebi (LODR) Regulation 2015. The full formate of the same along with the notes are available on the web site of the stock exchange as www.bseindia.com and company website www.snailbh.in

For and on behalf of Board of Directors

Mumbai
Date :- 28/05/2026

Kantilal B Patel
Chairman & M.D- CEO

Milan R Patel
Director and CFO